રાજ્યના તમામ જિલ્લાઓની જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ (JJB) અને એક રાજ્ય કક્ષાએ એમ કુલ ૩૪ વિડીયો કૉન્ફરન્સ રૂમ બનાવવા માટે કુલ રૂ.૧૭૭.૬૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૯/૮૧૭૩૩/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૯/૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી બાબત-૧૯-૨૦/૨૦૧૯/૩૧૭ અને ૩૩૭.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૫/૦૨/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ યજન/૫૩/નવી બાબત-૧૯-૨૦/૨૦૧૯/૪૩.

આમુખઃ-

રાજ્યમાં સંકલિત બાળ સુરક્ષા યોજના હસ્તક ૩૩ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ (JJB) હાલ કાર્યરત છે. કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકોના ન્યાયને લગતી પ્રક્રિયા જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ કરે છે. જ્યારે ઓબ્ઝર્વેશન હોમ તથા પ્લેસ ઓફ સેફ્ટી માંથી બાળકોને રૂબરૂમાં જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજૂ કરવાના હોય ત્યારે ખૂબ મુશ્કેલી પડતી હોવાનું ધ્યાનમાં આવેલ છે. બાળકોને આ પ્રકારની કોઇ મુશ્કેલીઓ ન પડે તે ઉદ્દેશથી રાજ્યની તમામ જિલ્લાઓની જુવેનાઇલ જસ્ટીસ બોર્ડમાં અને એક રાજ્ય કક્ષાએ એમ કુલ ૩૪ વિડિયો કોન્ફરન્સ (VC) રૂમની સગવડ ઉભી કરવાની થાય છે.

ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫નું અસરકારક અમલીકરણ માટે જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં ચાલતા કેસોનું ઝડપી

નિરાકરણ થાય તથા બાળકોને ઓબ્ઝર્વેશન હોમમાંથી સીધું પોતાના જિલ્લાના જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સાથે સંવાદ થઇ શકે તથા જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ અને ઓબ્ઝર્વેશન હોમ કે પ્લેસ ઓફ સેફ્ટીમાં રહેતા બાળકો વચ્ચેનું અંતર ઓછું થાય તથા બાળકોને જે.જે.બી. સમક્ષ રજૂ કરતાં બાળકોને કોઇ તકલીફ ન પડે ઉપરાંત રાજ્ય કક્ષાએથી બાળકોના ડેટા તથા જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે સીધો સંવાદ થાય તે હેતુથી રાજ્યની તમામ ૩૩ જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ અને એક રાજ્ય કક્ષાએ એમ કુલ ૩૪ વિડિયો કૉન્ફરન્સ રૂમ બનાવવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ રૂ.૧૭૭.૬૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧)ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને સમાજ સુરક્ષા ખાતા હસ્તકની ૩૩ સંસ્થાઓ અને ૧ રાજ્ય કક્ષાએ ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર ખાતે એમ કુલ ૩૪ વિડિયો કૉન્ફરન્સ રૂમ બનાવવા માટે રૂ.૧૭૭.૬૦ લાખનો ખર્ચ કરવાની આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ આ વિભાગની પૂર્વ મંજૂરી લઇને જ કરી શકાશે.

(૨) રાજ્યના જે જિલ્લાઓમાં ઓબ્ઝર્વેશન હોમ છે એ જિલ્લાઓમાં જુવેનાઇલ જસ્ટીસ હોમની બેઠક ઓબ્ઝર્વેશન હોમમાં થતી હોઇ તે ઓબ્ઝર્વેશન હોમમાં વિડિયો કૉન્ફરન્સ રૂમની સગવડ ઉભી કરવાની રહેશે.

(૩) રાજ્યના જે જિલ્લાઓમાં ઓબ્ઝર્વેશન હોમ નથી એ જિલ્લાઓમાં હાલ જ્યાં જુવેનાઇલ જસ્ટીસ હોમની બેઠક થતી હોય તે જગ્યાએ વિડિયો કૉન્ફરન્સ રૂમની સગવડ ઉભી કરવાની રહેશે.

(૪) રાજ્ય કક્ષાએ ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરની કચેરીમાં વિડિયો કૉન્ફરન્સ રૂમની સુવિધા ઉભી કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું

(૧૨) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ કામ માટે નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ કામ માટે મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઇ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

રાજ્યના તમામ જિલ્લાઓની જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ (JJB) અને એક રાજ્ય કક્ષાએ એમ કુલ ૩૪ વિડીયો કોન્ફરન્સ રૂમ બનાવવા માટેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૩ અને માંગણી નં.૯૬, મુ.સ.-૨૨૩૫-૦૨-૭૯૬-૧૬ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patel DC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.